# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ દ્વારા મરચીનું વૈજ્ઞાનિક ઢબે ધરૂવાડીયા ઉછેર પધ્ધતિની વ્યવસાયિક તાલીમ ગોઠવવામાં આવી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, અરણેજ ના બાગાયત વિષયના વૈજ્ઞાનિક ડૉ. પીનકીન ડી. પટેલ દ્રારા મરચીનું વૈજ્ઞાનિક ઢબે ધરુવાડિયુ નાખવાની તાલીમનું આયોજન તા. 14-07-2017 ના રોજ શ્રી. મનોજભાઈ મગનભાઈ પટેલ ગામ સિમેજ, તા. ધોળક, જી. અમદાવાદ ના ખેતર પર કરવામાં આવેલ જેમાં મરચાના ધરૂનો વૈજ્ઞાનિક ઢબે ઉછેર કરવો અને ઓછા સમયમાં તથા ઓછી જમીનમાંથી ધરૂવાડિયુ ઉછેરી તેના છોડનું વેચાણ કરી વધુ આવક મેળવી શકાય તેવી સમજણ આપવામાં આવેલ. મરચીનું વૈજ્ઞાનિક ઢબે ધરુવાડિયુ નાખવાનું છે તે મરચાની જાત જીએવીસી 111 જે આ.કૃ.યુ દ્રારા બહાર પાડવામાં આવેલ છે તથા ખેડૂત દ્વારા જે છોડ તૈયાર થાય તે છોડ પ્રથમ હરોળ ના નિદર્શન માટે ખેડૂતોને આપી આ સારી જાતનો વ્યાપ મરચી કરતા ખેડૂતોમાં વધે જેથી ખેડૂતોની આવકમાં વૃધ્ધિ થાય અને વધુ ખેડૂતોને નિદર્શન આપી શકાય તેવા હેતુસર કેવિકે દ્રારા મરચીનું વૈજ્ઞાનિક ઢબે ધરૂવાડીયા ઉછેર પધ્ધતિની પ્રત્યક્ષ તાલીમ ખેડૂતના ખેતર પર આપવામાં આવેલ.

